# મધ્ય ગુજરાત

ગુજરાતમિત્ર

દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785

સોમવાર ૧૧ નવેમ્બર, ૨૦૨૪




## સંક્ષિપ્ત સમાચાર

### કાલોલ બસ સ્ટેશન ખાતે વિશ્વ જાહેર પરિવહન દિવસની ઉજવણી કરાઈ



**કાલોલ :** આજ રોજ ૧૦ નવેમ્બર વિશ્વ જાહેર પરિવહન દિવસ અંતર્ગત કાલોલ શહેર સ્થિત બસ સ્ટેશન ખાતે વિશ્વ જાહેર પરિવહન દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં કાલોલ બસ સ્ટેશન પર ઉપસ્થિત મુસાફરોને ચોકલેટ અને ગુલાબના ફૂલો આપી સ્વચ્છ સલામત અને સમયબધ્ધ બસ સેવા માટે શુભેચ્છા પાઠવી હતી. કાલોલ બસ સ્ટેન્ડ ખાતે પરિવહન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

### સાવલી આઈટીઆઈ ખાતે વી મેન્ટરશીપ કાર્યક્રમનું આયોજન કરાયું



**સાવલી :** સાવલી આઈ ટી આઈ ખાતે વિદ્યાર્થી ઓ માટે જ્યુબીલન્ટ ભરતીયા ફાઉન્ડેશન દ્વારા આયોજિત વી મેન્ટરશિપ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યા માં વિદ્યાર્થી ઓ એ ભાગ લીધો હતો.સાવલી આઈ ટી આઈ ખાતે વિદ્યાર્થી ઓ માટે જ્યુબીલન્ટ ભરતીયા ફાઉન્ડેશન દ્વારા આયોજિત વી મેન્ટરશિપ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યા માં વિદ્યાર્થી ઓ એ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને કારકિર્દી સંબંધી સલાહ અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

### કાલોલમાં કામધેનુ ગૌ શાળા ખાતે "ગૌ" છપ્પન ભોગનું આયોજન કરાયું



**કાલોલ :** કાલોલ શહેરના કલાલ ઝાંપા વેરાઇ માતાના મંદિરની બાજુમાં ગોપાષ્ટમી નિમિત્તે કામધેનુ ગૌ શાળા ખાતે"ગૌ"છપ્પન ભોગનું આયોજન સુંદર રીતે કરવામાં આવ્યું હતું ૧૦ જાતના શાક, ૧૦ જાતના કઠોળ, ૧૦ જાતનુ દાણ,૧૦ જાતનુ અનાજ, ગાય ખાય તેવી મીઠાઈ અને ફળો ધરાવવામાં આવ્યા હતા કાર્યક્રમ નુ આયોજન વિશ્વ હિન્દુ પરિષદ,વિષ્ણુસહસ્ત્રનામ પરિવાર,પતંજલિ પરિવાર, ગાયત્રી પરિવાર,કામધેનુ ગૌશાળા ટ્રસ્ટ અને દર્શન કરી આશીર્વાદ લઇ તથા પંડ્યા પરિવાર તેમજ ગૌ પ્રેમી ભાઇ-બહેનોએ ઉત્સાહભેર ગૌ છપ્પન ભોગના આયોજનમાં ભાગ લીધો હતો.

### ડભોઇમાં ભગવાન વિઠ્ઠલનાથજીની શોભાયાત્રાની તડામાર તૈયારીઓ શરૂ



**ડભોઈ :** ડભોઇ નગર ની મધ્યમાં આવેલ લાલ બજાર પાસે ભગવાન વિઠ્ઠલનાથજી નું પૌરાણિક મંદિર આવેલ છે. આ મંદિરેથી મંગળવાર ના રોજ તારીખ ૧૨.૧૧.એ કારતક સુદ અગિયારસ એટલે દેવ ઉઠી એકાદશી હોવાથી ભગવાન વિઠ્ઠલનાથજીના મંદિરથી પાલકી યાત્રા બપોરના ત્રણ કલાકે નીકળશે. સોમવારના રોજ રાત્રિના ભજન સંધ્યા નો કાર્યક્રમ રાખેલ છે. કારતક સુદ અગિયારસને તારીખ ૧૨/૧૧ના રોજ રાત્રિના સાત કલાકે તુલસી વિવાહનું ધાર્મિક વાતાવરણમાં ધૂમ ધડાકા સાથે આયોજન કરવામાં આવેલ છે.

### ઘાયજ ગામે વીએચપી દ્વારા નુતનવર્ષ અંતર્ગત સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



**પાદરા :** પાદરા ના ઘાયજ ગામે નવા વર્ષ નિમિતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ ના કાર્યકરો નો સ્નેહ મિલન યોજાયો હતો જેમાં આવેલા મહાનુભવો દ્વારા કાર્યકરો ને સેવા સુરક્ષા અને સંગઠનાત્મક માર્ગદર્શન આપવામાં આવ્યું. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિશ્વ હિન્દુ પરિસદ ના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વ હિન્દુ પરિષદ પાદરા પ્રખંડ દ્વારા નુતન વર્ષ નિમિત્તે સ્નેહમિલન કાર્યક્રમ પાદરાના ઘાયજ ગામે યોજાયો હતો જેમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ ના કાર્યકરો મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા. નૂતન વર્ષના પ્રારંભની સાથે જ દર વર્ષે સમગ્ર રાજ્યમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવતું હોય છે.

---

**વીજળીના થાંભલા પડી જતા ગામના લોકોને અંધારામાં રહેવાનો વારો આવ્યો**

# અનોપપુરા ગામે 21 પરિવારો બે મહિનાથી વીજળીથી વંચિત

**સરકાર** દ્વારા ખેડૂતોને ખેતી માટે પણ વીજળી પૂરતા પ્રમાણમાં આપવા બંધાયેલી છે



(પ્રતિનિધિ) સિંગવડ તા.10

સિંગવડ તાલુકાના અનોપપુરા ગામના 21 જેટલા પરિવારના લોકોને બે મહિના ઉપર થવા આવ્યા વીજળીથી વંચિત રહેતા હોય જયારે ચોમાસામાં પવન સાથે વરસાદ પડવા થી મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા અનોપપુરા ગામે વીજળી માટે લાઈન નાખવામાં આવી હતી તેના થાંભલા પડી ગયા હતા તે વીજળીના થાંભલા પડી જતા ત્યાંના લોકો ને અંધારામાં રહેવાનો વારો આવ્યો હતો જ્યારે તેના માટે મધ્ય ગુજરાત વીજ કંપની લીમખેડા માં વારંવાર રજૂઆત કરવા છતાં તે વીજળીના થાંભલા ઊભા કરીને લાઈનો ચાલુ કરવામાં નહીં આવતા તે લોકો દ્વારા મધ્ય ગુજરાત વીજ કંપની વડોદરા ની ઓફિસમાં પણ જાણ કરવામાં આવ્યા છતાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા લાઈનો ચાલુ થઈ જશે તેમ કહેવામાં આવ્યા પણ વીજળીની લાઈનો ચાલુ નહીં થતાં વારંવાર રજૂઆત કરવા છતાં આજ દિન સુધી ચાલુ થઈ નથી જ્યારે આ 21 જેટલા પરિવારના લોકોને અંધારામાં રહેવાનો વારો આવ્યો છે અને સાથે સાથે ચોમાસામાં ખેતીને નુકસાન જતા શિયાળા પાક માટે વીજળીની લાઈન ચાલુ હોય તો શિયાળા પાકની ખેતી કરી શકે પરંતુ વીજ કંપનીના અધિકારીઓ દ્વારા અનોપપુરા ગામના જે થાંભલા પડ્યા તે આજ દિન સુધી ઉભા કરીને ત્યાં વીજળી ચાલુ કરવામાં આવી જ નથી જેના લીધે ત્યાંના લોકોને ખેતીમાં પણ મોટું નુકસાન થવા પામ્યું છે. જ્યારે વારંવાર રજૂઆત કરવા છતાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા તમારી લાઈનો ચાલુ છે તેમ કહીને ત્યાંના વિજ ગ્રાહકોને હેરાન કરવામાં આવી રહ્યા છે.

# ગરબાડા તા.માં DAP ખાતરની અછત થતાં ખેડૂતો ચિંતિત

**DAP** ખાતર મેળવવાં માટે ખેડૂતોને રોજે રોજ ખાતર ડેપો પર ખાતરની પૂછપરછ માટે ધક્કા ખાવા પડી રહ્યા છે.

(પ્રતિનિધિ) સિંગવડ તા.10

DAP ખાતર મેળવવા ખાતર ડેપો ખાતે ખેડૂતો વલખાં મારવાં છતાં ખાતર ન મળતાં ખેડૂતો ચિંતિત બન્યા હતા.

ચોમાસુ સીઝનમાં અતિવૃષ્ટિ ના કારણે ખેડૂતોના પાકને ભારે નુકશાન થવા પામ્યું હતું ત્યારે બીજી તરફ ખેડૂતો રવિપાકમાં વાવેતર થતાં રાયડો,ઘઉં,ચણા સહિતના પાકોના વાવેતર તરફ વળ્યા છે. જિલ્લાના ખેડૂતોએ ઘણી આશાઓ સાથે મોંઘા ભાવની ખેડ, બિયારણ પાછળ મોટા ખર્ચાઓ કરી ઘઉં,ચણા સહિતના પાકનું વાવેતર પ્રારંભ કર્યો છે.

પરંતુ હાલ પાક માટે તાતી જરૂરિયાત સમાન DAP ખાતરની છે. પરંતુ ખેડૂતોને સમયસર DAP ખાતર મળવું મુશ્કેલ બની ગયું છે. ગરબાડા તાલુકામાં રવિ પાકની શરૂઆતમાં જ DAP ખાતરની અછત થતાં ખેડૂતો ચિંતિત બન્યા હતા. ખાતર મેળવવાં માટે ખેડૂતોને રોજે રોજ ખાતર ડેપો પર ખાતરની પૂછપરછ માટે ધક્કા ખાવા પડી રહ્યા છે. ખેડૂતો ગરબાડા ખાતે આવેલ ખરીદ વેચાણ સંઘ ખાતે DAP ખાતર લેવા જાય તો સંઘ ખાતે DAP ખાતરના જથ્થાના અભાવે ખેડૂતો ખાતર માટે વલખાં મારી રહ્યા છે. એટલું જ નહીં ખાતર મેળવવા માટે ગરબાડા તાલુકાના ખેડૂતો છેલ્લા કેટલાક દિવસથી ગરબાડા ખાતે આવેલ ખરીદ વેચાણ સંઘ માં ન મળતા ખાતર લેવા માટે ધરમના ધક્કા ખાઈ રહ્યા છે. જો કે સમયસર પાકને ખાતર ન મળે તો પાક ઉત્પાદન પર મોટી અસર થવાની ભીતિને લઈ ખેડૂતોની હાલત દયનીય બની છે. DAP ખાતર મેળવવાં માટે ખેડૂતોને રોજે રોજ ખાતર ડેપો પર ખાતરની પૂછપરછ માટે ધક્કા ખાવા પડી રહ્યા છે.

**સંખેડા પાસે નદીના પટમાં વાવણીની તૈયારીઓ**

# ભોઈ સમાજ ઓરસંગ નદીમાં ખેતીની તૈયારીમાં જોતરાયા



(પ્રતિનિધિ) સંખેડા તા.10

સંખેડા પાસે ઓરસંગ અને ઉચ્છ નદીના પટમાં શિયાળાના આરંભ સાથે જ ખેડૂતો દ્વારા શાકભાજી, તરબૂચ, શક્કરટેટી જેવા પાકોની વાવણી માટેની તૈયારીઓ આરંભી દેવાઈ છે.

ભોઈ સમાજના ખેડૂતો દ્વારા મોટાભાગે ઓરસંગ- ઉચ્છ હેરન નદીમાં શાકભાજી, સક્કરટેટી, તરબૂચ દુધી કાકડી ટામેટા ચોરી જેવા પાકોની વાવણી કરે છે. સંખેડા તાલુકામાં ભોઈ સમાજ ઓરસંગ ઉચ્છ હેરાન નદીમાં ખેતીની તૈયારીમાં ખેડૂતો જોતરાયા હતા.

સંખેડા પાસે નદીના પટમાં શાકભાજી, તરબૂચના પાકની વાવણી માટેની તૈયારીઓ શરૂ કરી હતી.

ઓરસંગ નદીમાં પણ સંખેડા ઉપરાંત સંખેડા તાલુકાના કઠોલી કોટાલીથી લઈ બોડેલી સુધીના વિસ્તારમાં નદીના પટમાં વાવણી થતી હોય છે. સંખેડા નદીના પટમાં વાવણી માટે ખેડૂતોએ ખેતી માટેની જરૂરી તૈયારીઓ આરંભી દીધી હતી.

## હાલોલ એસ.ટી. દ્વારા પરિવહન દિવસની ઉજવણી

(પ્રતિનિધિ) હાલોલ તા.10

સમગ્ર વિશ્વભરમાં આજે વિશ્વ જાહેર પરિવહન નિગમ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે જે અંતર્ગત હાલોલ એસ.ટી. વિભાગ દ્વારા પણ આજે હાલોલ એસ.ટી.ડેપોના વિવિધ પોઈન્ટ જેમાં હાલોલ,પાવાગઢ,ઘોઘંબા અને કાલોલ ખાતે વિશ્વ જાહેર પરિવહન દિવસની ઉજવણી કરાઈ હતી. જેમાં હાલોલ એસ.ટી.સ્ટેન્ડ ખાતે અને પાવાગઢ એસ.ટી. સ્ટેન્ડ ખાતે બી.આર. ડિંડોર વિભાગીય નિયામક ગોધરા આંકડા અધિકારી ગોધરા તેમજ હાલોલ એસ.ટી. ડેપોના મેનેજર અને સ્ટાફની હાજરીમાં વિશ્વ જાહેર પરિવહન દિવસની ઉજવણી અંતર્ગત એસ.ટી. સ્ટેન્ડ ખાતે પધારેલા તમામ મુસાફરોને વિવિધ માહિતી તેમજ એસ.ટી. વિભાગ દ્વારા મુસાફરોના લાભાર્થે જાહેર કરાયેલ વિવિધ યોજનાઓની માહિતી અને જાણકારી આપવામાં આવી હતી.

**જરૂરિયાતના સમયે ડીએપી ખાતર ન મળતા ખેડૂતોમાં રોષ**

# નસવાડી GSFC ખાતરના ડેપોમાં ડીએપી ખાતર જ નથી

(પ્રતિનિધિ) નસવાડી તા.10

નસવાડી ખાતે જીએસએફસી તેમજ ગુજકોમાસોલ ના ખાતર ના ડેપો માં ડીએપી ખાતર છેલ્લા બે માસ થી નથી જયારે રવિ પાક ની વાવણી માં પાયાનું ખાતર ડીએપી હોવાથી ખેડૂતો ને ખાતર ની જરૂરિયાત છે તેવા સમયે ખાતર ના મળતા ખેડૂતો માં રોષ જોવા મળી રહ્યો છે.



નસવાડી તાલુકામાં ભારે વરસાદ ના કારણે અમુક ખેડૂતો એ કપાસ ની ખેતી માં નુકશાન થતા કપાસ ઉખેડી નાખી અને બીજા પાક ની વાવણી ની તૈયારી કરેલ જયારે સોયાબીન અને મકાઈ નો પાક તૈયાર થઇ જતા ખેડૂતો એ ખેતરો ની સફાઈ કરી ને તલ મગફળી જુવાર અને અન્ય પાકો નું વાવેતર કરવા માટે ની તૈયારી શરુ કરેલ પરંતુ વાવણી કર્યા બાદ પાયાનું ખાતર ડીએપી નસવાડી ના જીએસએફસી અને ગુજકોમાસોલ ના ડેપોમાં ના મળતા હાલ તો ખાતર ની શોધ માં ખેડૂતો આમ તેમ ભટકી રહ્યા છે રોજગારી માટે ફક્ત ખેતી ઉપર આધાર છે તેવા સમયે ખેડૂતો ને ખાતર ના મળતા ખેડૂતો મુશ્કેલી માં મુકાયા છે સરકાર તમામ ખતરો ઉપલબ્ધ હોવાની વાતો કરે છે આદિવાસી વિસ્તાર માં સરકાર ના અધિકારીઓ મંત્રીઓ એ ધ્યાન આપવું જોઈએ કારણ કે નસવાડી તાલુકામાં ખેડૂતો ની હાલત છેલ્લા ત્રણ વર્ષ થી દયનીય છે આર્થિક સ્થિતિ ખરાબ હોવાથી ખાતર નો સ્ટોક કરી શકતા નથી દિવસે દિવસે ખેતી નો સમય જઈ રહ્યો છે.

**પરીણિતા સાથે પતિ વારંવાર કોઈને કોઈ કારણોસર ઝગડો કરતો**

# ટાઢાગોળા ગામે પતિ, સાસુ, સસરાના ત્રાસથી પરીણિતાએ આત્મહત્યા કરી

**પતિ** તથા સાસુ, સસરા દ્વારા શારિરીક અને માનસીક ત્રાસ અપાતો હતો

(પ્રતિનિધિ) દાહોદ તા.10

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ટાઢાગોળા ગામે પરણિતાને તેના પતિ તથા સાસુ, સસરા દ્વારા અપાતા શારિરીક અને માનસીક ત્રાસથી વાજ આવેલ પરણિતાએ પોતાની સાસરીમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પરિવારજનો તેમજ પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

ઝાલોદના રણીયાર ગામે હોળી ચકલા ફળિયામાં રહેતાં અને ઝાલોદના ટાઢોગોળા ગામે રહેતો ધવલભાઈ રાજેશભાઈ ડામોર સાથે લગ્ન કરેલ પરણિતા પ્રિયંકાબેનને તેના પતિ ધવલભાઈ તેમજ સાસરા રાજુભાઈ રત્નાભાઈ ડામોર તેમજ સાસુ શાંતાબેન રાજુભાઈ ડામોર દ્વારા પરણિતા પ્રિયંકાબેનને અવાર નવાર મેણા, ટોણા મારી, પ્રિયંકાબેનને શારિરીક તેમજ માનસીક ત્રાસ આપી, અવાર નવાર પ્રિયંકાબેન સાથે ઝઘડો તકરાર કરતાં હતાં. તેમજ પ્રિયંકાબેનને પતિ તથા સાસુ, સસરા દ્વારા પ્રિયંકાબેનને કહેલ કે, તું અમારા ઘરમાંથી નીકળી જા, અમારા છોકરા ધવલ માટે બીજી પત્નિ લાવવાની છે.

તેમ કહી અવાર નવાર પ્રિયંકાબેનને પતિ તથા સાસુ, સસરા દ્વારા શારિરીક અને માનસીક ત્રાસ આપતાં આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતાએ ગત તા.૦૭મી નવેમ્બરના રોજ પોતાની સાસરી ટાઢોગોળા ગામે ઘરમાં ઢાળીયામાં લોખંડની પાઈપ સાથે ઓઢણી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પ્રિયંકાબેનને પિયર પક્ષમાં ગમગીની છવાઈ ગઈ હતી. પ્રિયંકાબેનને અવાર નવાર મેણા, ટોણા મારી, પ્રિયંકાબેનને શારિરીક તેમજ માનસીક ત્રાસ આપી, અવાર નવાર પ્રિયંકાબેન સાથે ઝઘડો તકરાર કરતાં હતાં.

આ સંબંધે પરણિતા કૈલાશબેન દીલીપભાઈ ભાભોરે ચાકલીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંજેલી તાલુકામાં રવિ પાકની સિઝનમાં સિંચાઈના પાણીની કેનાલ જર્જરીત હાલતમાં સફાઈ કામગીરીની ખેડૂતોની માંગ



**સંજેલી :** સંજેલી તાલુકામાં રવિ પાક ની સિઝન માં સિંચાઈ માટેના પાણીની કેનાલ જર્જરીત હાલતમાં સફાઈ સહિતની કામગીરીની ખેડૂતોની માંગ કરાઈ છે. ટીસાના મુવાડા , સંજેલી , પ્રતાપુરા , ચમારીયાફાટા સુધી આ કાળીયાહેર તળાવ થી નહેરના પાણીના માધ્યમથી ખેડૂતોને ખેતીકામમાં ઉપયોગમાં આવે છે . ત્યારે ટીશાનામુવાડા વિસ્તાર માં જ નહેરમાંથી જે પાણી જાય છે તે જ જગ્યાએ મોટું ગામડું પડતા પાળો ખુલ્લો થઈ જતા પાણી બહાર વહી જવાની સમસ્યા ઉભી થાય. સંજેલી તાલુકામાં ડુંગરાળ તેમજ જંગલ વિસ્તાર આવેલા છે ત્યારે ખેતી માટેના પણ જમીનો આવેલી છે જેમાં ખેડૂતો ખેતી કામ કરી અને પોતાનું ઘર ગુજરાન ચલાવતા હોય છે . ત્યારે સિંચાઈ માટેના તળાવ પણ આવેલ છે ત્યારે સંજેલી તાલુકામાં આવેલ કાળીયાહેર તળાવ નું પાણી રવિ પાક સિઝન માટે સંગ્રહિત થાય છે. તે પાણીનો ખેડૂતોને ખેતી માટે પિયત ના કામમાં ઉપયોગ માટે દર વર્ષે આ પાણી નેહર ના માધ્યમથી મળતું રહે છે.

# નસવાડીમાં 4 દિવસથી પાણી ન મળતા લોકો પરેશાન

(પ્રતિનિધિ) નસવાડી તા.10

નસવાડી જૂથ ગ્રામપંચાયતે ટાંકી વેચવાની ઉતાવળ માં ચાર હજાર લોકો ને વોટરવર્કસ નું પાણી ચાર દિવસ થી મળતું નથી લોકો હેરાન પરેશાન થયા હતા.

50 વર્ષ જૂની ટાંકી તોડતા પહેલા તેની લાઈનો કુવા સાથે જોડાયેલી હતી તેને ફેરવવાની જગ્યા એ સીધી ટાંકી તોડી નાખતા લાઈનો તૂટી જતા લોકો પાણી વિના તડવડી રહ્યા છે પંચાયતે ટેન્કર ની પણ વ્યવસ્થા ના કરી હતી.



જયારે નસવાડી માર્કેટ કમ્પાઉન્ડ માં 50 વર્ષ જૂની ટાંકી તોડવા માટે તાલુકા પંચાયત દ્વારા મંજૂરી આપવામાં આવી પરંતુ આ ટાંકી તોડતા પહેલા ઈજેનરો એ પાણી ની લાઈન નો અભ્યાસ ના કર્યો અને ગ્રામપંચાયત ને ટાંકી તોડવા માટે મંજૂરી આપી દીધી જયારે ટાંકી લેનાર ભંગાર ના વેપારી એ ટાંકી તોડી નાખી પરંતુ ટાંકી તોડી તે વખતે પાણી ની લાઈનો વર્ષો થી ટાંકી ની બાજુ માંથી જતી હતી અને ટાંકી ની લાઈનો સાથે જોડાયેલી હતી જયારે ટાંકી તોડતાંની સાથે જ પાણીની લાઈનો તૂટી જતા સરકાર ફળીયા ચાર રસ્તા વિસ્તાર સ્ટેશન વિસ્તાર પરમારવાસ તેમજ ગરાસવાળા વિસ્તાર ના ચાર હજાર લોકો છેલ્લા ચાર દિવસ થી વોટરવર્કસ ના પાણી બંધ થઈ જતા હાલ લોકો પીવાના પાણી વિના મુશ્કેલી વેઠી રહ્યા છે.

# છાપરી ગામ ખાતે લીગલ સર્વિસ દિનની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ) દાહોદ તા.10

દાહોદ તાલુકા ના છાપરી ગામ ખાતે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, દાહોદ નાં આદેશ થી પેરા લીગલ વોલિયન્ટર હીરાલાલ સોલંકી ની અધ્યક્ષતા માં યોજાયો હતો.

પેરા લીગલ વોલિયન્ટર હીરાલાલ સોલંકી એ લીગલ સર્વિસ ની વિસ્તૃત જાણકારી આપી હતી સાથે સાથે નાલસા થીમ સોંગ "એક મુઠ્ઠી આસમાન" ગ્રામ જનો ને સંભળાવ્યું હતું. સામાજિક કાર્યકર મુકેશભાઈ લબાના એ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ થકી કરાતી સેવાકીય પ્રવૃત્તિઓની પ્રસંશા કરી હતી. લીગલ સર્વિસ ની વિસ્તૃત જાણકારી આપી હતી ઉપસ્થિત સૌ ગ્રામજનો ને લીગલ સર્વિસ દિન નિમિત્તે મીઠાઈ, ચોકોબેક કેક, બિસ્કીટ, ચોકલેટ આપવામાં આવી હતી.

ઉજવણીના ભાગ રૂપે આ પ્રસંગે ક્લબના સેક્રેટરી, ક્લબ સદસ્ય, ગામના આગેવાન અને ગ્રામ જનો મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા.